# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી મોદીએ રાજ્યોને દરેક રાજ્યમાં વૈશ્વિક ધોરણો મુજબ એક પર્યટન સ્થળ વિકસાવવા જણાવ્યું.

2) ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં આતંકવાદ અંગે પાકિસ્તાનની ટીકા કરી.

3) ડીએમકે સાંસદ કનિમોઝીના નેતૃત્વ હેઠળના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે આતંકવાદ પ્રત્યે ભારતની શૂન્ય સહિષ્ણુતાની નીતિ સ્પષ્ટ કરી.

4) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું- પૂર્વોત્તરમાં ઉભરતી રમતગમત પ્રતિભાને પ્રોત્સાહન આપવા ખેલો ઇન્ડિયા નોર્થઇસ્ટ ગેમ્સ શરૂ કરાશે.

5) કેન્દ્રીય રાજ્યમંત્રી જયંત ચૌધરીએ જણાવ્યું કે ભારતના એક લાખ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક A.I.ની તાલીમ અપાશે.

6) ઇંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત; શુબમન ગિલને ટીમનાં કપ્તાન બનાવાયા.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Rev Prime Minister-Niti Aayog

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યોને દરેક રાજ્યમાં ઓછામાં ઓછું એક પર્યટન સ્થળ વૈશ્વિક ધોરણો અનુસાર વિકસાવવા અને તમામ સુવિધાઓ અને માળખાગત સુવિધાઓ પૂરી પાડવા જણાવ્યું છે.

આજે નવી દિલ્હીમાં નીતિ આયોગની 10મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરતાં, પ્રધાનમંત્રીએ એક રાજ્ય: એક વૈશ્વિક સ્થળ પર ભાર મૂકતાં કહ્યું કે આનાથી પડોશી શહેરોનો પણ પ્રવાસન સ્થળો તરીકે વિકાસ થશે. તેમણે ભાર મૂક્યો કે વિકાસ, નવીનતા અને ટકાઉપણું શહેરોના વિકાસનું એન્જિન હોવું જોઈએ. પ્રધાનમંત્રીએ કહ્યું કે જો કેન્દ્ર અને બધા રાજ્યો સાથે મળીને ટીમ ઇન્ડિયા તરીકે કામ કરે તો કોઈ પણ લક્ષ્ય અશક્ય નથી. "વિકસિત ભારત દરેક ભારતીયનું લક્ષ્ય છે, જ્યારે દરેક રાજ્યનો વિકાસ થશે, ત્યારે ભારતનો વિકાસ થશે,". તેમણે કહ્યું કે આ 140 કરોડ નાગરિકોની આકાંક્ષા છે. પ્રધાનમંત્રી મોદીએ દરેક કાર્યોમાં મહિલાઓનો સમાવેશ કરવા વિનંતી કરી.

આ બેઠકમાં ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ, હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ અને છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ સહિત કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજ્યપાલો, કેન્દ્રીય મંત્રીઓ અને નીતિ આયોગના ઉપાધ્યક્ષ, સભ્યો અને મુખ્ય કાર્યકારી અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ વર્ષની થીમ "2047 નાં વિકસિત ભારત માટે વિકસિત રાજ્યો" છે. આ બેઠક દેશ સામેના વિકાસ પડકારો પર ચર્ચા કરવા અને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં રાજ્યોની ભૂમિકા પર સર્વસંમતિ બનાવવા માટે એક અનોખું મંચ પૂરું પાડે છે.

# UN- TERRORISM- INDIA

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં આતંકવાદ અંગે પાકિસ્તાનની ટીકા કરી છે અને કહ્યું છે કે ભારતે દાયકાઓથી સરહદ પારથી પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદી હુમલાઓનો સામનો કર્યો છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પર્વતનેની હરીશે સશસ્ત્ર સંઘર્ષોમાં નાગરિકોના રક્ષણ પર એક ખુલ્લી ચર્ચામાં આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે પાકિસ્તાન વારંવાર આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે નાગરિકોનો ઢાલ તરીકે ઉપયોગ કરે છે. વિશ્વએ ઓપરેશન સિંદૂરમાં માર્યા ગયેલા કુખ્યાત આતંકવાદીઓના અંતિમ સંસ્કારમાં પાકિસ્તાનના વરિષ્ઠ સરકારી, પોલીસ અને લશ્કરી અધિકારીઓને હાજરી આપતા જોયા છે.

## all party delegation

રશિયાની મુલાકાતે ગયેલા ડીએમકે સાંસદ કનિમોઝીના નેતૃત્વ હેઠળના ભારતીય સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે આજે આતંકવાદ પ્રત્યે ભારતની શૂન્ય સહિષ્ણુતાની નીતિ સ્પષ્ટ કરી. મોસ્કોમાં ભારતીય દૂતાવાસમાં સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા શ્રીમતી કનિમોઝીએ કહ્યું કે પહલગામ આતંકવાદી હુમલો પાકિસ્તાનથી ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે ભારતે આ હુમલાનો જવાબદારીપૂર્વક જવાબ આપ્યો અને ખાતરી કરી કે કોઈપણ નાગરિક અને લશ્કરી છાવણીઓને કોઈ નુકસાન ન થાય.

દરમિયાન, જનતા દળ-યુના સાંસદ સંજય ઝાના નેતૃત્વ હેઠળ ભારતના પ્રતિનિધિમંડળે જાપાન પ્રવાસનો પ્રથમ તબક્કો સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે અને ટીમ હવે દક્ષિણ કોરિયા જવા રવાના થઈ છે. આજે જાપાનમાં ભારતીય દૂતાવાસમાં ભારતીય પ્રવાસીઓ સાથે વાતચીત કરતા, શ્રી ઝાએ ભારતનો પક્ષ રજૂ કર્યો અને પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં પાકિસ્તાનની ભૂમિકા સ્પષ્ટપણે રજૂ કરી. તેમણે ઓપરેશન સિંદૂર દ્વારા ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી છાવણીઓનો નાશ કેવી રીતે કર્યો તે વિશે વાત કરી.

(BYTE : SANJAY JHA)

ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં વધુ એક ઉચ્ચ સ્તરીય સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ આજે બહેરીન પહોંચ્યું છે. આ પ્રતિનિધિમંડળ પ્રથમ ગુયાના જશે, ત્યારબાદ અમેરિકા, પનામા, બ્રાઝિલ અને કોલંબિયાની મુલાકાત લેશે.

કોંગ્રેસ સાંસદ શશી થરૂરના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ પાંચ દેશોના પ્રવાસ માટે રવાના થયું.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 122 મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# J&K: LoP RAHUL GANDHI

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે જમ્મુ અને કાશ્મીરનાં સરહદી જિલ્લા પૂંછમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા ગોળીબારના ભોગ બનેલા લોકોને મળ્યા અને આ નુકસાનને "મોટી દુર્ઘટના" ગણાવી. તેમણે રાષ્ટ્રીય સ્તરે તેમની દુર્દશાને ઉજાગર કરવાની પ્રતિજ્ઞા પણ લીધી. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે રાહુલ ગાંધીએ પૂંછ શહેરની મુલાકાત લીધી હતી અને 7 મે થી 10 મે દરમિયાન થયેલા ગોળીબારમાં પોતાના સભ્યો ગુમાવનારા પરિવારો સહિત અસરગ્રસ્ત લોકો સાથે એક કલાકથી વધુ સમય સુધી વાતચીત કરી હતી.

# Rahul Gandhi

ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર આરોપ લગાવ્યો છે કે તેઓ પૂંછ હુમલાને આતંકવાદી હુમલાને બદલે દુર્ઘટના કહીને પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હુમલાને છુપાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આજે મીડિયા સાથે વાત કરતા ભાજપના નેતા શહજાદ પૂનાવાલાએ કહ્યું કે પૂંછમાં જે બન્યું તે ખરેખર આતંકવાદી હુમલો હતો. દેશના નિર્દોષ નાગરિકો પર હુમલો કરવાની સાથે, પાકિસ્તાની સેનાએ ગુરુદ્વારા અને શાળાઓ પર પણ હુમલો કર્યો.

(BYTE - POONAWALA)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# Mandaviya - RNIS

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે પૂર્વોત્તરમાં ઉભરતી રમતગમત પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે ખેલો ઇન્ડિયા નોર્થઇસ્ટ ગેમ્સ શરૂ કરવામાં આવશે.

આજે નવી દિલ્હીમાં રાઇઝિંગ નોર્થઇસ્ટ ઇન્વેસ્ટર્સ સમિટ-2025 દરમિયાન આયોજિત એક સત્રને સંબોધિત કરતાં શ્રી માંડવિયાએ કહ્યું કે આ નોર્થઇસ્ટ ગેમ્સ દર વર્ષે યોજાશે અને તેમાં ઓલિમ્પિક રમતોની સાથે પરંપરાગત રમતોનો પણ સમાવેશ કરવામાં આવશે.

(BYTE : MANSUKH MANDAVIYA)

તેમણે ખેલો ઇન્ડિયા ગેમ્સની પ્રશંસા કરી અને કહ્યું કે આ પહેલ ભારત માટે આગામી 10 વર્ષ દરમિયાન ટોચના 10 ઓલિમ્પિક દેશોમાં અને આગામી 25 વર્ષમાં ટોચના 5 દેશોમાં સ્થાન મેળવવાના લક્ષ્ય સુધી પહોંચવાનો માર્ગ છે.

# Jayant Chaudhary- RNIS

કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્યમંત્રી જયંત ચૌધરીએ આજે જણાવ્યું હતું કે ભારતભરના લગભગ એક લાખ વિદ્યાર્થીઓને મફત કૃત્રિમ બુદ્ધિમત્તાની તાલીમ આપવામાં આવશે.

નવી દિલ્હીમાં રાઇઝિંગ નોર્થઇસ્ટ ઇન્વેસ્ટર્સ સમિટને સંબોધતા શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે આગામી સ્કીલિંગ ફોર રેડીનેસ કૃત્રિમ બુદ્ધિમત્તા કાર્યક્રમ હેઠળ, મોડ્યુલ બનાવવામાં આવ્યા છે અને ટૂંક સમયમાં ધોરણ 6 થી 12 ના વિદ્યાર્થીઓ માટે લોન્ચ કરવામાં આવશે.

શ્રી ચૌધરીએ યુવાનો માટે ટૂંકાગાળાના કૌશલ્ય અભ્યાસક્રમોથી પરિચિત થવાની એક શ્રેષ્ઠ તક ગણાવી હતી જે આજે ઉદ્યોગ અને નોકરીદાતાઓ દ્વારા જરૂરી છે.

# BCCI Test Team

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આગામી ઇંગ્લેન્ડ પ્રવાસ પર ટેસ્ટ શ્રેણી માટે ટીમની જાહેરાત કરી છે. શુભમન ગિલને ટીમનો કપ્તાન બનાવવામાં આવ્યો છે, જ્યારે ઋષભ પંત ઉપ-કપ્તાનની ભૂમિકા ભજવશે. વિરાટ કોહલી અને રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી ભારતીય ટીમ પહેલી ટેસ્ટ ક્રિકેટ શ્રેણી રમશે.